કપડવંજ કેળવણી મંડળ

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
સ્થાપના વર્ષ - ૧૯૪૦

Affordable Education For All

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

અંક નં. ૮૨
વર્ષ૨૦૨૫-૨૬

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ , ડીઝાઇનર: ફાલ્ગુની સુથાર,
માર્ગદર્શક: અનંતભાઈ શાહ, પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

શ્રી માણેકલાલ દેસાઈ કિશોર

શાળાનું ગૌરવ



ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ માટે લેવાયેલ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષામાં કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી મા.દે.કિશોર મંદિર શાળાના પટેલ વંદન જયેશકુમાર (ખેડા જિલ્લામાં દ્વિતીય અને કપડવંજ તાલુકામાં પ્રથમ) સહિત કુલ ૩૯ વિદ્યાર્થીઓ મેરીટમાં સ્થાન પામ્યા છે. મેરીટમાં સ્થાન પામેલ તમામ વિદ્યાર્થીઓને મંડળના હોદ્દેદારશ્રીઓ અને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

મેરીટમાં સ્થાન પામેલ વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ સુધીના અભ્યાસ દરમિયાન સરકારશ્રીના નિયમોનુસાર શિષ્યવૃત્તિ મેળવશે.

વિદ્યાર્થી અનુદાનિત કે સરકારી શાળામાં પ્રવેશ મેળવે તો ધોરણ ૧૨ સુધી કુલ ૨૬૦૦૦ રૂપિયા અને જો ખાનગી શાળામાં પ્રવેશ મેળવે તો ધોરણ ૧૨ સુધી કુલ ૯૪૦૦૦ રૂપિયા શિષ્યવૃત્તિ મેળવશે.

ખેડા જિલ્લામાં પ્રથમ



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી મા.દે.કિશોર મંદિર શાળા સતત સફળતાના શિખરો સર કરી રહી છે જેમાં હાલમાં એક સિદ્ધિનો વધારો થયો છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ધોરણ ૫ ના વિદ્યાર્થીઓ માટે લેવાયેલ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(CET) નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યભરમાંથી પાંચ લાખ કરતા પણ વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતાં. તાજેતરમાં જાહેર થયેલ મેરીટ યાદીમાં પટેલ હેમ ચિંતનકુમાર(સમગ્ર ખેડા જિલ્લામાં પ્રથમ)સહિત કુલ ૪૩ બાળકો સ્થાન પામ્યા છે. આ તમામ બાળકોને શાળા પરિવાર અને મંડળના હોદ્દેદારશ્રીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા. મેરીટમાં સ્થાન પામેલ વિદ્યાર્થીઓ સરકારશ્રીના નિયમોનુસાર વિવિધ યોજનાકીય લાભ મેળવી શકશે. અહીં નોંધનીય છે કે પ્રાથમિક શાળાઓમાં યોજાતી વિવિધ શિષ્યવૃત્તિ પરીક્ષાઓમાં છેલ્લા કેટલાક વર્ષોથી શ્રી મા.દે.કિશોર મંદિર શાળા અગ્રેસર રહી છે.

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

શ્રી એસ. સી. દાણી & શ્રીમતી સી.ડી.ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ્સ

સ્ટેમ્પ ક્વીઝના સિતારા



ગુજકોસ્ટ (GUJCOST), ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુજરાત દ્વારા આયોજિત નેશનલ કક્ષાની સ્ટેમ્પ ક્વિઝ 3.0નું ખેડા જિલ્લા ખાતે ડો.કલામ જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર નડિયાદ દ્વારા આયોજન કરેલ હતું, જેમાં તાલુકા કક્ષાએ વિજેતા થયેલા વિદ્યાર્થીઓનું તારીખ 27/3/2025 ના રોજ બહુમાન કરવામાં આવ્યું હતું. જેમાં કપડવંજ કેળવણી મંડળની શ્રી એસ.સી દાણી માધ્યમિક શાળાના 6 વિધાર્થીઓ અને શ્રીમતિ સી.ડી.ગાંધી ઇગ્લિશ મીડીયમના 3 વિધાર્થીઓ દ્વારા જિલ્લા કક્ષા ટોપ 10 માં સ્થાન પ્રાપ્ત કરેલ હતું. જેઓનું બહુમાન ખેડા જિલ્લાના કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવ, ખેડા જિલ્લાના D.E.O અને D.P.E.O. અને ડૉ.કલામ ખેડા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન કેશુભાઈના હસ્તે કરવામાં આવેલ હતું.



જેમાં પ્રથમ વિજેતા ધ્યાન એચ. પટેલને સેમસંગનું ટેબલેટ, દ્વિતીય વિજેતા પ્રીત જી પટેલને 3D પ્રિન્ટર, પાર્થ આર પ્રજાપતિ, મંત્ર એચ પટેલ, ઓવેસખાન પઠાણ જેઓ અનુક્રમે ત્રીજા, ચોથા અને પાંચમાં નંબરે વિજેતા થયેલ હતા જેઓને ટેલિસ્કોપ, છઠ્ઠા નંબરે વિજેતા હેત પટેલને એ.આઈ. કીટ, સાતમા અને આઠમાં નંબરે વિજેતા સુભાનખાન એમ. પઠાણ, સ્મિત આર કાલવાણીને રોબોટિક કીટ અને નવમા નંબરે વિજેતા હેત્વલ એન. બારૈયાએ ડ્રોન ઇનામ રૂપે મેળવેલ છે. સમગ્ર STEM ક્વિઝમાં તાલુકાના કોર્ડીનેટર તરીકે કે.કે.એમ એજ્યુકેશન ટીમના મેમ્બર કરન દેસાઈ અને શ્રી એસ સી દાણીના શિક્ષક ઘનશ્યામભાઈ શર્માને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

શ્રી એસ.સી.દાણી સ્કુલ્સ

ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ દ્વારા આયોજિત રંગપૂરણી સ્પર્ધા

ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ દ્વારા આયોજિત રંગપૂરણી સ્પર્ધામાં શ્રી એસ.સી.દાણી શાળાના કુલ 471 બાળકોએ ભાગ લીધો હતો જેમાં ધોરણ 4- અમાં ભણતો જેવલ સુનિલકુમાર પટેલ અને ધોરણ-8-અમાં ભણતી વંશી પીયૂષભાઈ પટેલે સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું હતું. આ સન્માન સમારંભ આણંદ ખાતે યોજવામાં આવેલ હતો જેમાં બંને વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, ટ્રોફી, સ્કુલ બેગ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તદુપરાંત શાળાના પાંચ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, પાંચ વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ તેમજ પાંચ વિદ્યાર્થીઓને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયેલ હતા. જ્યારે 30 વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા. શાળા તેમજ ચિત્ર શિક્ષક વૈષ્ણવીબેનને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

પ્રવેશ ઉત્સવ



શાળા છે મસ્તીનો મોહિત દેશ,
જ્યાંથી શરૂ થાય સંસારનો સાચો પ્રવેશ.
મિત્ર મળ્યા, હસ્યા, ખિલ ખિલાયા
પાઠ શીખતા શીખતા રમ્યા અને
રમતા રમતા પાઠ શીખી ગયા.

તા-20/6/2025 શુક્રવારના રોજ શ્રી એસ.સી.દાણી શાળામાં ધોરણ 1 થી 8 ના નવા પ્રવેશ પામેલા બાળકોનો પ્રવેશોત્સવ કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન વિનયકુમાર હસમુખભાઈ પટેલ (જન ધન મેડિકલ સ્ટોર) અને અતિથિ વિશેષ શ્રીમતી બીજલબેન બ્રિજેશભાઈ દરજી (વાત્સલ્ય હોમિયોપેથી ક્લિનિક) ઉપસ્થિત રહ્યા હતા. ધોરણ -1 થી 8ના નવા પ્રવેશ પામેલા તમામ વિદ્યાર્થીઓને ડ્રમના તાલ સાથે તિલક લગાવી કુલ વરસાવી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. પ્રાર્થના પછી મહેમાન શ્રી દ્વારા બાળકોને નોટ, પેન્સિલ પેન આપવામાં આવી હતી.

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

શ્રીમતી સી.ડી.ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ

યોગ દિવસની ઉજવણી







કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી સીડી ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવ્યો. શાળાના શિક્ષક હરીશભાઈ કાપડિયા દ્વારા વિદ્યાર્થીઓને અને શિક્ષકોને અલગ અલગ આસનો તથા પ્રાણાયામ તથા મુદ્રાઓ કરાવી "યોગ ભગાડે રોગ" એ સમજાવી વિવિધ રોગોમાં યોગથી થતા ફાયદા વિશેની માહિતી આપવામાં આવી.

પ્રવેશોત્સવની ઉજવણી



શાળાનો આવાસ આજે સાચે જ ખુશીની રમઝટથી ગૂંજી ઉઠ્યો!

...આવો નાના રે લાલા, શાળાએ ચાલો ને અક્ષરનું જ્ઞાન લાવી,
જીવન સજાવો ને!
ગમતું ગમતું રમતાં રમતાં, શીખવાની મઝા પડે.....
આજથી શરૂઆત નવી, હસતાં હસતાં વધો આગળ ભણી!

અંક ન. ૮૨

વર્ષ ૨૦૨૫-૨૬

કપડવંજ કેળવણી મંડળ



તારીખ 26/6/25 ને સોમવારના રોજ શ્રીમતી સી. ડી. ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં પ્રવેશોત્સવ નિમિત્તે ધોરણ એકના નાના ભૂલકાઓને શાળામાં પ્રથમ પગલાં ભરી, એક નવા સફરની શરૂઆત કરી, જેમાં બાળકોને તિલક કરી મોઢું મીઠું કરાવી હર્ષભેર સ્વાગત કરવામાં આવ્યું. તેની સાથે જ બાળકોએ શાળાના ગાર્ડનમાં વૃક્ષારોપણ કર્યું.

શાળા પરિવાર તરફથી તમામ બાળકોને શ્રેષ્ઠ શુભેચ્છાઓ પાઠવી હતી.

શાળાનું ગૌરવ

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી સી ડી ગાંધી અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થિઓએ ફરી એકવાર Indian Talent Olympiad માં ઐતિહાસિક સફળતા હાંસલ કરી છે. રાજ્ય ટોપર એવોર્ડ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળાને સતત 8 વાર 'Golden School Award'થી સન્માનિત કરવામાં આવી છે. સ્ટેટ ટોપર એવોર્ડ પ્રાપ્ત કરનાર વિધાર્થીઓ ધોરણ- 2 માંથી સોઢા ટીયાષા અને ધોરણ 3 માંથી પઠાણ ઝેન જેઓની આ અદભૂત સિદ્ધિ વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોની નિષ્ઠા અને વાલીઓના સતત સહયોગનું પરિણામ છે. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય મનોજભાઈ પટેલ તથા ઇન્ડિયન ટેલેન્ટ કન્વીનર અજય ક્રિસ્ટન ધ્વારા વિધાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.



પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

પ્રિ.પ્રાયમરી વિભાગ

પ્રિ.પ્રાયમરી વિભાગમાં પ્રવેશોત્સવ





શાળાનો પ્રથમ દિવસ દરેક વિદ્યાર્થી માટે એક ખાસ મહત્વ ધરાવે છે આ મહત્વને સાર્થક બનાવતા પ્રિ.પ્રાયમરી વિભાગમાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળકોને કંકુનો ચાંલ્લો (તિલક) કરી અને મોઢું મીઠું કરાવી સ્વાગત કરવામાં આવ્યું. આચાર્યશ્રી દ્વારા બાળકોના ઉજવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી અને બાળકોનો પ્રથમ દિવસ યાદગાર બની રહે તે માટે સેલ્ફી કોર્નર પણ બનાવવામાં આવ્યો હતો. પ્રવેશોત્સવમાં વાલીશ્રીએ પણ ખૂબ જ સાથ સહકાર આપી બાળકોનો ઉત્સાહમાં વધારો કર્યો હતો.





પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

પ્રિ.પ્રાયમરી વિભાગના પ્રવેશોત્સવની ઝાંખી









અંક ન. ૮૨

વર્ષ ૨૦૨૫-૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

પ્રિ.પ્રાયમરી વિભાગમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી











અંક ન. ૮૨

વર્ષ ૨૦૨૫-૨૬


પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળ

પ્રિ.પ્રાયમરી વિભાગ - યોગ દિવસ







આભાર ઈશ્વર.....
મારા ગજાનું 'હરપલ' તેં આપ્યું છે ઈશ્વર,
વણજોઈતું કદીક તેં કાપ્યું છે ઈશ્વર.
રોજ સવારે આંખ મારી ઉગાડે એટલે નક્કી,
જિંદગીનું આગામી પાનું તેં છાપ્યું છે ઈશ્વર!
હરેશ એસ પ્રજાપતિ 'હરપલ'
અંગ્રેજી શિક્ષક,
શ્રી સી.એન. વિદ્યાલય, કપડવંજ

અંક ન. ૮૨

વર્ષ ૨૦૨૫-૨૬